વિકસિત ભારત વિકસિત ગુજરાત

માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ્‌હસ્તે
## ₹૪૮૦૦ કરોડથી
વધુના વિકાસકામોનાં






## લોકાર્પણ - ખાતમુહૂર્ત

દીપાવલી પર્વની શરૂઆત
વિકાસકામોની મળી સોગાત

- નાવડાથી ચાવંડ બલ્ક પાઇપલાઇન પ્રોજેક્ટના લોકાર્પણથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના ૧૨૯૮ ગામો અને ૩૬ શહેરોના લગભગ ૬૭ લાખ લોકોને વધારાનું ૨૮ કરોડ લિટર પાણી મળશે
- NHAIના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્તથી જૂનાગઢ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબી જિલ્લામાં આંતરમાળખાકીય સુવિધામાં થશે વધારો
- ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ–૨ના કામોના ખાતમુહૂર્તથી જિલ્લાને પીવાના પાણીનો વધુ પુરવઠો મળશે
- PPP મોડલ પર લાઠીના દુધાળામાં નિર્મિત ભારતમાતા સરોવરના લોકાર્પણથી ગામના ખેડૂતોને સિંચાઈ માટે પરોક્ષ રીતે લાભ મળ્યો છે
- ભુજ–નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટના લોકાર્પણથી કચ્છ જિલ્લાના સામાજિક–આર્થિક વિકાસને વેગ મળશે
- પોરબંદર જિલ્લાના મોકરસાગર ખાતે કર્લી રિચાર્જ જળાશયનો વિશ્વસ્તરીય સસ્ટેનેબલ ઈકોટુરિઝમ સ્થળ તરીકે વિકાસ કરાશે

ગરિમામયી ઉપસ્થિતિ
**આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત

મુખ્ય મહેમાન
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ
**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય મંત્રી,
જળશક્તિ મંત્રાલય, ભારત સરકાર

## જનસુખાકારી માટે કટિબદ્ધ ગુજરાત સરકાર

તારીખ - ૨૮-૧૦-૨૦૨૪, સોમવાર | સમય - બપોરે ૦૨:૩૦ વાગે | સ્થળ - લાઠી, જિ. અમરેલી

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : DD NEWS ડી ડી ન્યૂઝ CMOGujarat CMOGujarat CMOGujarat CMOGujarat

# સોમનાથના સાનિધ્યમાં દિવાળીના તેહવારો ઉપર અનેકવિધ ધાર્મિક અને યાત્રી લક્ષી આયોજનો

## શ્રી સોમનાથ મંદિરમાં રંગોળી, મંદિરનું દીવડાઓથી સુશોભન, મહાદેવને દીપમાળા, વિશેષ શ્રૃંગાર, ઓનલાઈન અને પ્રત્યક્ષ લક્ષ્મી પૂજન, અન્નકૂટ મનોરથ સહિતના ધાર્મિક આયોજન : ટ્રસ્ટના તમામ ગેસ્ટ હાઉસને રોશની, રંગોળીથી સુશોભિત કરી રાત્રે યાત્રીઓ સાથે ટ્રસ્ટ પરિવાર દીપોત્સવી ઉજવશે



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૮

આગામી દિવાળી મહોત્સવ-૨૦૨૪ અંતર્ગત શ્રી સોમનાથ મંદિર ખાતે અનેક ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાનાર છે. વિવિધ મુહૂર્ત અને દિવસો દરમિયાન ભક્તજનો માટે વિશેષ શૃંગાર અને પૂજાઓની આયોજનો રાખવામાં આવ્યા છે. દિવાળીના પાંચ દિવસ માટે ભક્તિપૂર્ણ આયોજન કરાયેલા છે.

રંગોળી, વિશેષ શ્રૃંગાર અને પ્રકાશમાન પરિસર : દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપાવલી પર્વે શ્રી સોમનાથ મંદિર પરિસરમાં ટ્રસ્ટ પરિવાર દ્વારા ભકતો સાથે મળીને નૃત્ય મંડપમાં વિશેષ રંગોળી તૈયાર કરવામાં આવશે. સમગ્ર મંદિર પરિસરને હજારો દિવડાઓથી સુશોભિત કરવામાં આવશે. સમગ્ર તહેવારોમાં મંદિરમાં પ્રત્યેક દિવસે સોમનાથ મહાદેવને વિશેષ શ્રૃંગાર કરવામાં આવશે. દિવાળી મહોત્સવના દરેક દિવસે શ્રી સોમનાથ મંદિર પરિસર, ટ્રસ્ટના તમામ અતિથિગૃહ અને પરિસર પ્રકાશિત કરવામાં આવશે. જેથી આવનાર ભકતોને ઉત્સવ દરમિયાન ઘર જેવી જ લાગણી ઉત્પન્ન થાય.

ઓનલાઈન લક્ષ્મી પૂજન : દિપાવલી પર્વ ઉપર દેશ ભરમાંથી લક્ષ્મી પૂજન નોંધાવનાર ભક્તોને ઓનલાઈન માધ્યમ પર લક્ષ્મી પૂજન કરી પૂજન કરેલ શ્રી યંત્ર, રોજમેળ પેન, અને નમન ભસ્મ પ્રસાદ એમના સરનામા પર પહોચાડવામાં આવશે. આ ઉપરાંત સ્વયં સોમનાથ આવીને લક્ષ્મી પૂજન કરવા માંગતા ભક્તોને પણ પૂજા કરાવવામા આવશે.


લાઈટ એન્ડ સાઉન્ડ શો, દીપોત્સવી : ચોમાસામાં બંધ કરાયેલ યાત્રીઓનો પ્રિય એવો ઉદ્ઘલાઈટ એન્ડ સાઉન્ડ શો ભકતો માટે ફરી શરૂ કરાયો છે. તેહવારોમાં ૨ શો કરવામાં આવશે જેથી આવનાર યાત્રીઓને બમણો લાભ મળી શકશે. આ ઉપરાંત ટ્રસ્ટના અતિથિગૃહ ના મેદાનમાં દિવાળીના દિવસે યાત્રીઓને સાથે રાખી ટ્રસ્ટ પરિવાર દીપોત્સવી ઉજવશે જેથી આવનાર યાત્રીઓને પરિવારનો ભાગ હોવાનો અનુભવ કરાવવામાં આવશે

નૂતન વર્ષે અન્નકૂટ : નવા વર્ષના પ્રથમ દિવસે સોમનાથ મહાદેવના દર્શન કરી પોતાના દિવસની શરૂઆત કરવા માટે સોમનાથ પધારનાર ભાવિકોને ઉત્તમ દર્શન અનુભવ થાય તેવી વ્યવસ્થા ઉપરાંત જનકલ્યાણની પ્રાર્થના સાથે મહાદેવને અન્નકૂટ ભોગ લગાવવામાં કરવામાં આવશે. આમ શ્રી સોમનાથ મંદિર, ટ્રસ્ટના ગેસ્ટ હાઉસ, ભોજનાલય, પાર્કિંગ સહિતમાં યાત્રીઓને ઉત્તમ આતિથ્ય મળે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

# રાજકોટ ડિવિઝનના દિવ્યાંગ કર્મચારી દેવેન્દ્ર યાદવે એશિયન પેરા આર્મ રેસલિંગ કપ ૨૦૨૪માં જીત્યા બે મેડલ

## આર્મ રેસલિંગમાં જમણા હાથની સ્પર્ધામાં સિલ્વર મેડલ અને ડાબા હાથની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને રેલવેનું નામ કર્યું રોશન



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૮

પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝનના દિવ્યાંગ કર્મચારી દેવેન્દ્ર યાદવે તાજેતરમાં મુંબઈમાં યોજાયેલા VII એશિયન પેરા આર્મ રેસલિંગ કપ ૨૦૨૪માં બે મેડલ જીતીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. દેવેન્દ્ર યાદવ હાલ રાજકોટમાં કેરેજ અને વેગન ડેપોમાં હેલ્પર તરીકે કામ કરે છે. તેણે VII એશિયન પેરા આર્મ રેસલિંગ કપ ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કરીને પેરા આર્મ રેસલિંગ (પંજા કુશ્તી)માં જમણા હાથની સ્પર્ધામાં સિલ્વર મેડલ અને ડાબા હાથની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને રેલ્વેનું નામ રોશન કર્યું છે. યાદવે મુશ્કેલ સંજોગોમાં પણ પોતાની મહેનત અને સમર્પણથી આ સ્થાન હાંસલ કર્યું છે. દેવેન્દ્ર યાદવ એક પ્રતિભાશાળી ખેલાડી છે જેઓ આર્મ રેસલિંગમાં ૪ વખત રાષ્ટ્રીય કક્ષાએ અને ૬ વખત રાજ્ય કક્ષાએ મેડલ જીતી ચૂક્યા છે. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વનીકુમારે દેવેન્દ્ર યાદવને આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે તેમની આ સિદ્ધિ તમામ ખેલાડીઓ માટે નવી પ્રેરણારૂપ છે. અશ્વિનીકુમારે આશા વ્યકત કરી કે, દેવેન્દ્ર યાદવ આ ઉંચી ઉડાન ચાલુ રાખે અને ભવિષ્યની તમામ સ્પર્ધાઓમાં વધુ સફળતા હાંસલ કરે. શ્રી યાદવની આ સફળતાએ સાબિત કર્યું છે કે સખત મહેનત અને દઢ નિશ્ચયથી કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. તેમની સિદ્ધિએ રેલવેને ગૌરવ અપાવ્યું છે અને નવા ખેલાડીઓ માટે પ્રેરણાના સ્ત્રોત બનવાનું કામ કર્યું છે.

# પારડી વિજળી કચેરીમાં સત્યનારાયણની કથા બંધ કરાવતું વિજ્ઞાન જાથા

## રાજકોટના પારડી વિજ કર્મચારીઓને સસ્પેન્ડની માંગણી કરતું વિજ્ઞાન જાથા



અમદાવાદ, તા.૨૮

વિશ્વના દેશો વિજ્ઞાન ટેકનોલોજી, નેનોને આભારી હરણફાળ પ્રગતિ તરફ દોટ મૂકે છે ત્યારે ભારતમાં સરકારી કચેરીઓમાં ધાર્મિક આયોજનો દિન પ્રતિદિન વધારો જોવા મળતા દેશ કઈ દિશા તરફ દોટ મુકે છે તે જાગૃતો માટે ચિંતાનો વિષય બની ગયો છે. રાજકોટથી થોડે દૂર પારડી વિજ કંપનીની પેટા વિભાગીય કચેરીમાં ઓફિસ સમય દરમ્યાન સત્યનારાયણ કથાનું આયોજન કરતાં ભારત જન વિજ્ઞાન જાથાની ટીમ રૂબરૂ પહોંચતા કથા બંધ રાખવાની ફરજ પડી હતી. ડે. ઈજનેર સહિત જવાબદાર કર્મચારીઓને સસ્પેન્ડની માંગણી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં આવેદન પત્ર પાઠવી સૂત્રોચ્ચારનો કાર્યક્રમ જાથાએ જાહેર કર્યો છે.

બનાવની વિગત પ્રમાણે સ્થાનિક વિજકર્મીએ જાથાના કાર્યાલયે માહિતી આપી તેમાં સત્યનારાયણ કથાનું આયોજન બાદ હોટલમાં જમણવાર રાખવામાં આવ્યો છે. વિજ કોન્ટ્રાકટર આયોજનના ખર્ચમાં ભાગીદાર થાય છે. બીજી વિજ કચેરીમાં કથાનું આયોજન છે તે સંબંધી આધારપુરાવા મોકલવામાં આવ્યા હતા. ડે. ઈજનેર અને ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ પૂજામાં બેસવાના છે. અનુકુળતા હોય તેઓએ ઝભ્ભા, ધોતિયા, પાયજામા પહેરીને આવવાનું જણાવ્યું હતું. કથાનું આયોજન ઓફિસમાંથી ખુરશી–ટેબલ મેદાનમાં રાખવા અને અરજદારોને કથાના આયોજનની વાત કરી પ્રસાદમાં ભાગ લેવા આગ્રહ કરવાનો છે. કર્મચારીઓના પરિવાર, કોન્ટ્રાકટરોના પરિવારોએ હોટલમાં સાથે પાર્ટી ભોજન લેવાનું છે તે સંબંધી વાત કરવામાં આવી હતી. જાથાના જયંત પંડયાએ ખરાઈ કરવા બે કાર્યકરોને મોકલ્યા ત્યારે વિજ કર્મીઓ બપોરથી કથાના આયોજન મુજબ કચેરીમાં ફેરફાર કરતાં નજરે પડયા હતા. મેદાનમાં ખુરશી, ટેબલની વ્યવસ્થા, અરજદારોને આજે કથાના કારણે કામકાજ બંધ છે તેવી હકિકત મુકવામાં આવી હતી. પુરાવા મળી જતા રૂબરૂ મુલાકાત લેવાનું નક્કી થયું હતું. જાથાના ચેરમેન જયંત પંડયાએ મુખ્યમંત્રી, ઉર્જામંત્રી, અગ્ર સચિવ, મેનેજીંગ ડિરેકટર, વીજ કંપની સહિત અધિકારીઓને પત્ર પાઠવી વિજ કચેરીમાં ચાલુ ફરજે સત્યનારાયણ કથાના આયોજન સામે સખ્ત વાંધો રજુ કરી રજુઆત પત્ર દ્વારા મોકલવામાં આવી હતી. પ્રજાના પ્રશ્નો ઉકેલવાના બદલે કથામાં કર્મચારીઓ ભાગ લેવા સંબંધી કાનુન ભંગ, બંધારણ ભંગની હકિકત મુકવામાં આવી હતી. ડે. ઈજનેર સહિત કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાની માંગણી કરવામાં આવી હતી. કચેરીમાં ધાર્મિક આયોજનને વખોડવામાં આવ્યું હતું.

### ગૂગલે ખાસ રીતે સિંગરને કર્યો યાદ

# ૨૮ વર્ષ પહેલા KKએ આ ગીતથી બોલિવૂડમાં કર્યુ હતું ડેબ્યુ

## કેકેએ ૧૯૯૬માં ગુલઝારની ફિલ્મ 'માચીસ' થી બોલિવૂડમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી

મુંબઈ, તા.૨૮

પોતાના અવાજથી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં નામ કમાનાર કૃષ્ણકુમાર કુન્નથ ઉર્ફે કેકે ભલે આજે આ દુનિયામાં નથી, પરંતુ તે આજે પણ પોતાના ગીતો દ્વારા લાખો ફેન્સના દિલો પર રાજ કરે છે. આજના જ દિવસે (૨૫ ઓકટોબર) તેણે હિન્દી ફિલ્મોમાં પ્લેબેક સિંગિંગની શરૂઆત કરી હતી. આ અવસર પર ગૂગલે તેને શ્રદ્ધાંજલિ આપી છે.કેકેએ ૯૦ના દાયકામાં ગીતોને અવાજ આપવાનું શરૂ કર્યું હતું. પહેલા તે જિંગલ્સ ગાતો હતો અને પછી તેણે સાઉથની ફિલ્મોમાં ગાવાનું શરૂ કર્યું હતું. કારકિર્દીના શરૂઆતના દિવસોમાં તેણે કુલ ૩૫ હજાર જિંગલ્સ ગાયા. આ પછી, તેણે ૧૯૯૬માં બોલિવૂડમાં પ્રવેશ કર્યો અને પ્રથમ ગીતથી જ તે દર્શકોના દિલમાં વસી ગયો. તેણે બોલિવૂડમાં ડેબ્યુ કર્યાને આજે ૨૮ વર્ષ થઈ ગયા છે અને ગૂગલે આ ખાસ પળની ઉજવણી કરી છે.ગૂગલે ડૂડલ દ્વારા વિશ્વના દિગ્ગજને શ્રદ્ધાંજલિ આપે છે. ૨૫ ઓકટોબરના રોજ, ગૂગલે ડૂડલ ગ્રાફિક દ્વારા કેકેના બોલિવૂડ ડેબ્યુના ૨૮ વર્ષની ઉજવણી કરી છે. એનિમેટેડ ડૂડલમાં કેકે હાથમાં માઈક લઈને ઊભેલા અને ગાતા બતાવે છે. આ એનિમેટેડ ડૂડલની સાથે ગૂગલે લખ્યું છે કે, "આ ડૂડલ કૃષ્ણકુમાર કુન્નથની ઉજવણી કરે છે, જેને કેકે તરીકે પણ ઓળખવામાં આવે છે, જેઓ સફળ પ્લેબેક સિંગર હતા."ગૂગલે આગળ લખ્યું, "તેઓ તેમની પ્રતિભા માટે જાણીતા છે. હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, મરાઠી, ઓડિયા, બંગાળી, આસામી અને ગુજરાતી સહિત ઘણી ભાષાઓમાં ગીતો રેકોર્ડ કરવા માટે તેમને યાદ કરવામાં આવે છે."સાઉથ ઈન્ડસ્ટ્રીમાં વર્ષો સુધી પોતાનો જાદુ ફેલાવ્યા પછી, કેકેએ ૧૯૯૬માં ગુલઝારની ફિલ્મ 'માચીસ' થી બોલિવૂડમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણે 'છોડ આયે હમ' ગીતને પોતાનો અવાજ આપ્યો હતો. આ ગીતને ખૂબ પસંદ કરવામાં આવ્યું હોવા છતાં, કેકેને સફળ બનાવવાનો શ્રેય ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ' ના ગીત 'તડપ તડપ' ને જાય છે. સલમાન ખાન અને ઐશ્વર્યા રાયની ફિલ્મના સુપરહિટ ગીતે કેકેને બોલિવૂડમાં લોકપ્રિય બનાવ્યો હતો.

# દીવાળી આનંદ તથા હર્ષોલ્લાસનું પર્વ

દીવાળી એ હિંદુસ્તાનમાં ઉજવાતું બહું મોટું પર્વ છે. વાઘ (વાગ) બારસથી લઈને લાભપાંચમ સુધી દીવાળીનું પર્વ આનંદ અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. શાળા, મહાશાળાઓથી લઈને નોકરીયાત વર્ગ તથા વેપાર ધંધા સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓ દીવાળીનું પર્વ ઘણાં ઉત્સાહ અને ઉમંગથી ઊજવે છે. નાના બાળકોથી લઈને વૃદ્ધ માણસો સુધીના વ્યક્તિઓ દીવાળી પર્વને ધામધૂમથી મનાવે છે. વાઘ (વાગ) બારસના દિવસે વાણીની દેવી સરસ્વતીની પૂજા અર્ચના તથા આરાધના કરવામાં આવે છે. ધનતેરસના દિવસે મહાલક્ષ્મી માતાજીની પૂજા કરવામાં આવે છે તથા સોના ચાંદી અને ઘરેણાંની પૂજા કરવામાં આવે છે. પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પોતાના પાલતું પ્રાણીઓના શરીર પર રંગકામ કરે છે. આપણાંમાં એવી માન્યતા છે કે, જો ધનતેરસના દિવસે મહાલક્ષ્મી માતાજીની પૂજા કરવામાં આવે તો બારેમાસ આપણાં ઘરમાં લક્ષ્મીનો વાસ રહે છે અને પૈસાની કમી પડતી નથી. કાળીચૌદશના દિવસે શનિદેવ તથા હનુમાનજીની પૂજા અર્ચના કરવામાં આવે છે તથા તેલ સિંદુર ચઢાવવામાં આવે છે. કાળી ચૌદશને ઘણાં વ્યક્તિઓ નરક ચતુર્દશી તરીકે પણ ઓળખે છે. એવું કહેવાય છે કે આજના દિવસે શ્રીકૃષ્ણ ભગવાને ૧૬૦૦ સ્ત્રીઓને નરકાસુર નામના રાક્ષસના ત્રાસમાંથી મુક્તિ અપાવી હતી એના માનમાં આ પર્વ ઉજવવામાં આવે છે. એવું પણ કહેવાય છે કે કાળીચૌદશના દિવસે જંતરમંતર, મેલી વિદ્યા, તાંત્રિક વિદ્યા તથા જાદૂટોના કરવાવાળા વ્યક્તિઓ રાત્રે સ્મશાનમાં જઈ ભૂત પિશાચની સાધના કરે છે. આ બાબતોમાં કેટલું સત્ય અને તથ્ય હશે એ વિચારવા જેવો વિષય છે. ત્યાર પછીના દિવસને દીવાળી કહેવામાં આવે છે. આમ તો દીવાળી અમાસના દિવસે આવે છે, પરંતુ દરેકના ઘરોમાં તથા વેપાર ધંધાના સ્થળોએ દીવા, મીણબત્તી તથા રોશનીનો ઝગમગાટ જોવા મળે છે. દિપોત્સવનો મતલબ દિપનો ઉત્સવ એવો થાય છે. આ ઉપરાંત દિપાવલી એટલે દિપ આવેલી એટલે દીવાઓની હારમાળા. એવું કહેવાય છે કે, રામે રાવણને લંકામાં વિજ્યાદશમીના દિવસે રામ રમાડ્યા પછી દીવાળીના દિવસે અયોધ્યાની ભૂમિ ઉપર પાછાં ફર્યા હતાં. શ્રી રામની આગતાસ્વાગતા કરવા તથા એમનું સન્માન કરવા માટે અયોધ્યાવાસીઓએ આખું નગર તોરણોથી શણગાર્યુ હતું અને રાત્રે દરેક ઘરોમાં દીવા પ્રજ્વલિત કર્યા હતાં અને ભગવાન શ્રી રામનું ભાવભીનું સ્વાગત કર્યુ હતું. ત્યાર પછી આ પરંપરા દીવાળી તરીકે મનાવવામાં આવે છે. દીવાળીના દિવસે લોકો પોતાના ઘરની સાફ સફાઈ કરી સુંદર સજાવટ કરે છે. પોતાનાં ઘરોનું રંગરોગાન કરાવે છે. ઘરોમાં તોરણ બાંધવામાં આવે છે. આંગણામાં સરસ રંગોળી પૂરવામાં આવે છે. નવા કપડાં સિવડાવવામાં આવે છે. ગૃહિણીઓ જાતજાતના નાસ્તા, ફરસાણ તથા મિષ્ટાન્ન બનાવે છે. દીવાળીના દિવસોમાં ઘરમાં સારૂં સારૂં જમવાનું બનાવવામાં આવે છે. ઘરમાં અવનવી મિઠાઈઓ લાવવામાં આવે છે અને ઘરનાં તમામ વ્યક્તિઓ સાથે બેસીને સમૂહ ભોજનનો આનંદ માણે છે. રાત્રે વડીલોની હાજરી અને નિગરાની હેઠળ બાળકો જાતજાતના ફટાકડા ફોડવાની મજા માણે છે. ત્યાર પછીના દિવસને નૂતન વર્ષ કે નવું વર્ષ કહેવામાં આવે છે.

આજના દિવસે લોકો એકબીજાને પ્રેમપૂર્વક મળીને સાલમુબારક કહીને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. સવારનાં સમયે સબરસના શુકન લેવામાં આવે છે. લોકો દેવ દર્શન કરવા જાય છે તથા ભિક્ષુકોને દાન દક્ષિણા આપે છે. આજના દિવસે લોકો એકબીજાને મિઠાઈ ખવડાવીને મોં મીઠું કરાવે છે. ઘરનાં સભ્યો વહેલાં ઉઠીને પોતાનાં વડીલોનાં આશીર્વાદ મેળવે છે. વડીલો નાના બાળકોને બોણી કે બક્ષિસ આપે છે, એથી બાળકો ખુશખુશાલ થઈ જાય છે. ત્યાર પછીના દિવસને ભાઈબીજ તરીકે ઓળખવામાં આવે છે. આજના દિવસે ભાઈ પોતાની બહેનના ઘેર જઈને ભોજનનો આસ્વાદ માણે છે અને યથાશક્તિ પોતાની બહેનને વીરપસલી (એક પ્રકારની ભેટ) આપે છે. એવું કહેવાય છે કે સૌ પ્રથમ યમરાજાએ પોતાની બહેન યમી (આજની યમુના નદી)ના ગૃહે જઈને ભોજન ગ્રહણ કર્યુ હતું ત્યારબાદ આ પ્રથા અમલમાં આવી છે. આમ દીવાળીનું પર્વ આનંદોલ્લાસ તથા રોશનીનું પર્વ છે. અગાઉ દીવાળી ઉપર સગાં સંબંધીઓ એકબીજાને શુભેચ્છા પાઠવવા માટે જાતજાતના દીવાળી કાર્ડ મોકલતાં હતાં. હવે બદલાયેલા સમયમાં મોબાઈલ દ્વારા વોટ્સએપથી શુભેચ્છા પાઠવે છે. ખરેખર દીવાળી એ ખુશીઓનું પર્વ છે. દીવાળી ઉપર કારખાનેદાર તથા ઉદ્યોગપતિઓ પોતાના સ્ટાફને દીવાળી બોનસ, ગિફટ તથા મિઠાઈની વહેંચણી કરે છે.




શાળા, મહાશાળાઓથી લઈને નોકરી, ધંધા તથા કારખાનામાં પણ રજાઓ રાખવામાં આવે છે, કારણકે દરેક વ્યક્તિ પોતાના પરિવાર સાથે સારી રીતે દીવાળી ઉજવી શકે. જો કે દીવાળીમાં હવે અગાઉનાં વર્ષોમાં હતી એવી મજાની ઉણપ વર્તાય છે. એનું કારણ એ છે કે લોકો નોકરી ધંધાર્થે બહાર ગામ વસવા લાગ્યા છે, ઘણાં તો પરદેશમાં વસે છે. સંયુક્ત કુટુંબનાં સ્થાને વિભક્ત કુટુંબો થવા લાગ્યાં છે. લોકો પોતાની જ્ઞાતિ છોડીને અન્ય વિધર્મી યુવક યુવતીઓ સાથે લગ્ન કરવા લાગ્યા છે. સ્વાભાવિક રીતે વિધર્મીઓને દીવાળીનો કોઈ રસ હોતો નથી. દીવાળીની રજાઓમાં હવે લોકો ઘરમાં રહેવાને બદલે પિકનિક પોઈન્ટ, ધાર્મિક સ્થળોએ, હીલ સ્ટેશન ઉપર કે અન્ય ફરવાનાં સ્થળોએ જવા લાગ્યા છે. છતાં હજું પણ ઘણા વ્યક્તિઓ એવાં છે કે આજનાં બદલાયેલા યુગમાં પણ દીવાળીની ગરિમા જાળવી રહ્યા છે અને દીવાળીનું મહત્વ સમજે છે.

**- યોગેશભાઈ આર. જોશી**

**(મો.નં: ૯૮૭૯૦૫૬૬૩૬)**

# જૂનાગઢનાં ઝાંઝરડા રોડ પર આવેલા જલારામ ભકિતધામ અનેક સેવાકીય પ્રવૃતિથી ધમધમે છે





## સંત શિરોમણી પૂ. જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિની પણ ઉત્સાહભેર ઉજવણી થશે : લોહાણા રઘુવંશી સમાજ તેમજ જલારામ ભકતોને ધાર્મિક કાર્ય તેમજ પ્રસાદનું ભાવભર્યુ આમંત્રણ આપતા પ્રો. પી.બી. ઉનડકટ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ ઉપર આવેલ જલારામ ભક્તિ ધામ ભકતજનો માટે શ્રદ્ધાનું કેન્દ્ર બની ગયું છે. દરરોજ માટે અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતીની વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉપરાંત રઘુવંશી લોહાણા સમાજ માટે સમુહ પ્રસાદ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે અત્રે ઉલ્લેખ છે કે જલારામ ભક્તિ ધામ મંદિર બનાવવામાં જેમણે મહત્વનું યોગદાન આપ્યું છે તેવા જલારામ ભક્તિ ધામના મેનેજિંગ ટ્રસ્ટે પ્રોફેસર પી.બી. ઉનડકટનું ખૂબ જ મહત્વનું યોગદાન છે. આ મંદિર નિર્માણનું કાર્ય ખૂબ જ મહેનત માંગી લે તેવું હતું. નિર્માણ કાર્ય બેદાયકા પહેલા કરવામાં આવ્યું હતું અને ત્યાર પછી પણ આ મંદિરમાં પૂજન, અર્ચન, આરતી તેમજ વિવિધ પ્રસંગો ધાર્મિક કાર્ય સેવાકીય કાર્યો થતા રહે તે માટે પણ પ્રોફેસર પી.બી. ઉનડકટ દ્વારા અનેક કાર્યો કરવામાં આવી રહ્યા છે. ગઈકાલે રવિવારના દિવસે ગિરધારી ગ્રુપ દ્વારા યોજાતા બ્લડ કેમ્પમાં જે રક્તદાન કરનારા મહાનુભાવો એટલે રકતદાતાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વેરાવળ, સોમનાથ કે અન્ય સ્થળોથી આવતા પદયાત્રીઓ માટે પણ ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવે છે. રાત્રિના રહેવા માટેની વ્યવસ્થા જમવા માટેની વ્યવસ્થા વગેરે કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત રામ નવમી, જન્માષ્ટમી સહીતનાં તહેવારોની પણ ઉજવણી કરવામાં આવે છે. વિશેષમાં જલારામ જયંતિની પણ ઉત્સાહ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. આખા દિવસ માટેના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત પૂનમના પણ ધજારોહણ સહિતના કાર્યો કરવામાં આવે છે. એક તરફ મહિલા મંડળ દ્વારા પણ સત્સંગના કાર્યક્રમો યોજવામાં આવે છે. ખાસ કરીને રવિવારના દિવસે તો દિવસ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમમાં યોજાતા હોય છે. આ તમામ કાર્યક્રમમાં મેનેજિંગ ટ્રસ્ટે પ્રોફેસર પી.બી. ઉનડકટનું સતત માર્ગદર્શન રહેલું છે. આગામી જલારામ જયંતિ ભવ્યતાથી ઉજવવા તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. રઘુવંશી લોહાણા સમાજને તેમજ જલારામ ભક્તોને પ્રસાદ લેવાનો ભાવભર્યું આમંત્રણ પણ પાઠવવામાં આવ્યું છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત અને વિદેશમાં પણ જૂનાગઢના જલારામ ભક્તિ ધામની ખ્યાતિ પ્રસરી ગઈ છે. દૂર દૂરથી ભાવિક જલારામ બાપાના દર્શને આવે છે જૂનાગઢનું જલારામ ભક્તિ ધામ ભાવિકોના આસ્થાનું કેન્દ્ર બન્યું છે અને પૂજ્ય જલારામ બાપા પણ ભક્તજનોની મનોકામના પૂર્ણ કરે છે. વધુમાં દિકરા-દિકરીઓના સગપણએ સાંપ્રત સમયની જટિલ સમસ્યા બની ગઈ છે તે સુલઝાવવા દર માસના ત્રીજા રવિવારે વાલી સંમેલન બોલાવવામાં આવે છે દુર દુરથી સંખ્યાબંધ વાલીઓ આવે છે અને તેનો લાભ લે છે. આ ધાર્મિક સંસ્થા છે તો પણ આરતી - અગરબત્તી, ધૂપ-દિપ કરી આ ટ્રસ્ટ સંતોષ માની લેતું નથી પણ ધાર્મિક ઉપરાંત અનેકવિધ સામાજિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય અને માનવ કલ્યાણકારી પ્રવૃત્તિઓથી આ મંદિર સતત ધમધમતું રહે છે.

# સોમનાથ કાર્તિક પુર્ણિમા મેળા સ્ટોલની હરરાજી આજથી શરૂ




(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૮

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવના પંચદિવસીય કાર્તિક પુર્ણિમા મેળાની તૈયારીનો વિધીવત રીતે પ્રારંભ કરાયો.

બાયપાસ સદભાવના મેદાનમાં તા.૧૧ નવેમ્બરથી તા.૧૫ નવેમ્બર દરમ્યાન યોજાનાર પંચદિવસીય મેળામાં સ્ટોલ લેવા ઈચ્છુક ધારકો માટે મેળાના મેદાનમાં ખાસ મંડપ ખડો કરાયો હતો જેમાં સોમનાથ ટ્રસ્ટ, જીલ્લા વહીવટી તંત્ર, પોલીસ તંત્ર ઉપસ્થિત રહયું હતું. અંદાજે ૧૫૦ જેટલા સ્ટોલ્સો મેળામાં યોજાશે. જયારે ગ્રામોદ્યોગ, હાથશાળ, જેઈલ ભજીયા, સાંસ્કૃતિક કલાકારો, પ્રદર્શનોને પણ આમંત્રણ અપાયા છે. મેળા મેદાન ખાતે કાચા સ્ટોલ ઉભા કરી પ્રત્યક્ષ નિર્દર્શન તથા બે સ્થળે મેપ મુકી માહિતગાર કરાયેલ છે. મેળામાં પ્રર્ફોર્મીંગ સ્ટેજ, સાંસ્કૃતિક પ્રોગ્રામ પીવાના પાણી વ્યવસ્થા, આઈસ્કીમ પાર્લર વિભાગ, સ્ટેન્ડ બાય ફાયરબ્રીગેડ, ૧૦૮, ઈમરજન્સી રોડ, આવક જાવકના અલગ રસ્તાઓ, કાર પાર્કીંગ, રાઈડસ, ઈન્ડેક્ષ સ્ટોલ, ફુડ સ્ટોલ, મેળામાં ૩૮ મીટરનો અને સાઈડનો ૯ મીટરનો રોડ અને મેળાના સમાપન દિવસ કાર્તિક પુર્ણિમાએ સોમનાથ મહાદેવનું મંદિર રાત્રે એક વાગ્યા સુધી ખુલ્લુ રહેશે. જેનો દર્શનનો લાભ મળશે. મેળાના સ્ટોલ ઈચ્છુક કે મેળવનારાઓને ફોર્મમાં અને માઈક સંબોધનમાં ખાસ અપીલ કરવામાં આવી છે કે સરકારના જે કાંઈ નિયમો, લાયસન્સો, સલામતીના પગલાઓ, વિદ્યુતન જોડાણને ઈલેકટ્રીક ઈન્સ્પેકટર પાસે નિરીક્ષણ લાગુ પડતા સ્ટોલોએ કરાવવાનું રહેશે. અલ્પાહાર સહિત તમામ સ્ટોલ ધારકોએ સફાઈ રાખવી, કચરા પેટીનો ઉપયોગ કરવો, શિષ્ટ અને સંસ્કારી મનોજરંજન જ પીરસવું.મેળા મેદાનમાં અલગથી વાહન પાર્કિંગ, સ્ટેન્ડ બાય જનરેટર, પુછપરછ ઓફીસ, હંગામી ટોયલેટ વ્યવસ્થા ગોઠવાયેલ છે. મેળામાં દરરોજ રાત્રે દેશ ગુજરાતના જાણીતા કલાકારોના લોકડાયરા સાંસ્કૃતિક કાર્યક્રમો-સંગીતનું આયોજન થઈ રહયું છે. જે આખરી ઓપ અપાઈ રહયો છે. એસટી અને સીટી બસ વ્યવસ્થા અંગે પણ આયોજન કરાઈ રહેલ છે.

# રક્તદાતાઓના સત્કાર સમારંભની સાથે વિવિધ કાર્યક્રમો યોજીને અનોખી રીતે દિવાળી પર્વની ઉજવણી કરતું જૂનાગઢનું ગિરનારી ગ્રુપ




**જ્યોત સે જ્યોત જગા કે ચલો પ્રેમ કી ગંગા બહા કે ચલો, રાહ મેં આયે જો દિન દુ:ખી સબકો ગલે સે લગા કે ચલોની ભાવના સાથે અનેરી સેવા કરતું ગિરનારી ગ્રુપ : લઘુમંત મહાદેવ ભારતીબાપુ (ભારતી આશ્રમ)**


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ગિરનારી ગ્રુપના સમીર દતાણી, સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તાજેતરમાં દિવાળી પર્વની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા જૂનાગઢ શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને મીઠાઈ તથા ફરસાણ નું વિતરણ કરવામાં આવેલ હતું. તથા અતિ જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કરિયાણાની કીટ, સાળી આપવામાં આવી હતી. ગૌ માતાઓને ધ્યાનમાં રાખીને ગોળ, ખોળ, ભુસુ, તેલ, પાણીનું મિશ્રણ કરીને લાડવા બનાવીને ગૌ માતાઓને ખવડાવવામાં આવેલા હતા. સાથે જુનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ વિહાન સંસ્થા દ્વારા સંચાલિત એચઆઈવી ગ્રસ્ત પીડિત બાળકોને મીઠાઈ, ફરસાણ, કપડાં, ફટાકડા સહિતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલું હતું. જેમાં ડો. ચંદ્રેશ વ્યાસ, વીપુલભાઈ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. ગિરનારી ગ્રુપના નેજા હેઠળ વર્ષ દરમિયાન રક્તદાતાઓએ પોતાનો કીંમતી અને પવિત્ર સમય કાઢીને પોતાના રક્તનું દાન કરીને એક જીવને બચાવવામાં સહભાગીતાના સાથી થયા છે. એવા તમામ રક્તદાતા શ્રીઓનો સત્કાર સમારોહ ઝાંઝરડા ચોકડી પાસે આવેલ જલારામ ભક્તિ ધામ ખાતે યોજવામાં આવેલ હતો. જેમનું દીપ પ્રાગટ્ય જલારામ ભક્તિ ધામના ટ્રસ્ટી પ્રો. પી.બી. ઉનડકટ, પ્રવીણભાઈ પોપટ, નાગદાનભાઈ વાળા ગાયત્રી મંદિરના ટ્રસ્ટી, ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ અરશીભાઈ રામ સહિતના ઉપસ્થિત લોકોના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. મુખ્ય અતિથિ વિશેષ પદે જૂનાગઢ ભારતી આશ્રમના લઘુ મહંત મહાદેવ ભારતી બાપુએ ઉપસ્થિત રહીને આશિષ વચન પાઠવ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ પદે જગદીશભાઈ દતાણી, દમયંતીબેન દતાણી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન અરજણભાઈ દિવરાણીયા, ગુડ્ડીબેન શેઠ, ઉષાબેન શ્રૌત્રિય, દિનેશભાઈ ચુડાસમા, કમલેશભાઈ ડાકી, દેવશીભાઈ દીવરાણીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ રક્તદાતાઓને દિવાળી પર્વની શુભેચ્છા રૂપે મુલાકાત કરી ભૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે મોમેન્ટો, ગિફ્ટ, મીઠાઈ આપી તમામ રક્તદાતા શ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. રક્ત દાતાઓ, આમંત્રિત મહેમાનો, ઉપસ્થિત તમામ લોકોએ ગિરનારી ગ્રુપના સભ્યો સાથે સમૂહ ભોજન પ્રસાદ કરેલ હતું. જેમની વ્યવસ્થા જલારામ ભક્તિ ધામ દ્વારા કરી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રસિંહ ચુડાસમાની સાથે દિનેશભાઈ રામાણી, પરેશભાઈ સાવલિયા, સમીરભાઈ દવે, દેવાંગભાઈ પંડ્યા, કિર્તીભાઈ પોપટ, પરેશભાઈ પંડ્યા, લલીતભાઈ ગેરીયાએ કરેલ હતું. આ વિવિધ કાર્યક્રમો દાતાઓના સહયોગથી કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગિરનારની ગ્રુપના સભ્યઓ ભાર્ગવભાઈ દેવમુરારી, સંજયભાઈ વાઢેર, હરિભાઈ કારીયા, સમીરભાઈ ઉનડકટ, સુધીરભાઈ રાજા, વિશાલભાઈ અભાણી, સુરેશભાઈ વાઢીયા, શુભભાઈ વાઢીયા, ભરતભાઈ ભાટીયા, મનીષભાઈ રાજા, જીગ્નેશભાઈ વ્યાસ, દિલીપભાઈ દેવાણી, બીપીનભાઈ ઠકરાર, ગૌરવભાઈ પોપટ, યાત્રિકભાઈ ભટ્ટ, વેદભાઈ બારૈયા, પરાગભાઈ યાદવ, કશ્યપભાઈ દવે, રાહુલભાઈ ભટ્ટ, જીગ્નેશભાઈ વ્યાસ, વિશાલભાઈ અભાણી, વિપુલભાઈ બુધ્ધદેવ સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# હરિયાણા ખાતે શેરનાથ બાપુ દ્વારા આયોજિત ભવ્ય ભંડારા મહોત્સવમાં દાતારના મહંત ભીમ બાપુના પ્રતિનિધિઓ હાજર રહી પુજય બાપુનું બહુમાન કર્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ ગીરનાર તીર્થક્ષેત્રના ગોરકસનાથ આશ્રમના મહંત પીરયોગી શેરનાથ બાપુએ હરિયાણા સ્થિત પેહવા ખાતે ડેરા બાબા ગરીબ નાથજી ખાતે પોતાના ગુરૂજી ત્રિલોકનાથ બાપુનો ભવ્ય ભંડારા મહોત્સવ યોજાયો હતો. જેમાં પુરા ભારત વર્ષમાંથી નાથ સંપ્રદાયના સંતો અને વિવિધ અખાડાના વરિષ્ઠ સંતોની હાજરીમાં ભવ્ય ભંડારા મહોત્સવમાં સંતો પધાર્યા હતા. જેમાં ગુજરાત જૂનાગઢ ઉપલા દાતારની ધાર્મિક જગ્યાના મહંતશ્રી ભીમ બાપુના પ્રતિનિધિ તરીકે સેવકો હાજર રહી પૂજય સેરનાથ બાપુનું બહુમાન અને દાતાર બાપુની પ્રસાદી આપી ભીમ બાપુ વતી ખુશી વ્યક્ત કરી હતી અને ભવ્ય ભંડારા મહોત્સવની સફળતા માટે શુભકામના પાઠવી હતી.

# ભાટીયામાં યોજાશે સમસ્ત મશરૂ પરીવારના સીકોતેર માતાજીનો મેળો પાનોર દાદાના સાનિધ્યમાં હવન તથા બાવન ગજની ધ્વજાનું ભવ્ય આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૮

ભાટીયા નજીક ખાખરડાની સીમમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પાનોર ડાડાની જગ્યાએ તા.૩-૧૧-૨૪ કારતક સુદ બીજ રવિવારના રોજ સમસ્ત મશરૂ પરીવાર દ્વારા હવનનું તેમજ સીકોતેર માતાજીના મેળાનું અને બાવન ગજની ધ્વજાનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે સર્મગ્ર મશરૂ પરીવારે હાજરી આપી સહભાગી બનવા ખાસ અનુરોધ કરવામાં આવેલ છે. હવનમાં બેસવા ઈચ્છતા દંપતીએ તેમજ વધુ વિગત માટે અશ્વિનભાઈ મશરૂ મો.૮૮૪૯૬ ૨૪૪૨૩, નિલેશભાઈ મશરૂ મો.૯૮૨૪૬ ૨૦૫૭૪નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# સોમનાથ દાદાના મંદિર સુરક્ષા ચક્રના અશ્વોને મળ્યું નવું ઘર



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૮

વિશ્વ પ્રસિધ્ધ અને ઝેડ પ્લસ સુરક્ષા કવચ ધરાવતા ભારતના બાર જયોતિર્લીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિર સલામતી દળમાં ૪ અશ્વો કાયમી ધોરણે માઉન્ટેડ પોલીસ જવાન સાથે મંદિર સુરક્ષા ફરજ બજાવી પેટ્રોલીંગ કરતા રહે છે.

આ અશ્વોના રહેઠાણ છેલ્લા અઢાર વર્ષથી જર્જરીત જુનવાણી ઓરડીમાં હતા તેને સ્થાને ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ ખાસ અશ્વોના રહેઠાણ માટે સુવિધાઓ ધરાવતું રહેવા માટેના રૂમનો નવીનીકરણ લોકાર્પણ કર્યો. આ અશ્વો સવાર સાંજ મંદિર અને તેની આસપાસ તથા વર્તુળમાં પોલીસ જવાન સવારી સાથે ફરજ બજાવે છે. આ નવા રહેઠાણમાં લાઈટ, પંખા, પાણી વ્યવસ્થા સહિતની નવી સુવિધાઓ ઉમેરાઈ છે. અશ્વો માટે પાંચ જવાનોનો સ્ટાફ કાર્યરત છે. અશ્વોને ત્રણ સમય ચણા, જુવારના પુળા ગોઠવાયેલ વ્યવસ્થા મુજબ અપાતા રહે છે. સોમનાથ મહાદેવ મંદિરે આવતા યાત્રિકો અને મંદિર સુરક્ષા ધ્યાને લઈ આ અશ્વશાખાને પણ મહત્વ જીલ્લા પોલીસ વડાએ આપ્યું.

લોકાર્પણ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા તથા સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા તથા એલસીબી ઈન્ચાર્જ પોલીસ

## અવસાન નોંધ

જૂનાગઢ : સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જોશીપુરા જૂનાગઢ નિવાસી નયનાબેન રાજેશભાઈ મહેતા (ઉ.વ.૫૯) તે રાજેશભાઈ કેશવલાલ મહેતા**(BOI)**ના ધર્મપત્ની, જીજ્ઞેશભાઈ**(BOI)**, સોનલબેન તથા હેતલબેનના માતુશ્રી અને ચેતનભાઈ, ભરતભાઈના ભાભી તથા દિનેશભાઈના નાનાભાઈના ધર્મપત્ની કૈલાસવાસી થયેલ છે. સદગતનું બેસણું (પરિવાર અને પિયર પક્ષનું) તા.૨૮-૧૦-૨૪, સોમવાર, સાંજે ૪ થી ૬ ઘેડિયા કોળી સમાજ , પાદરચોક, જોશીપુર જૂનાગઢ ખાતે રાખેલ છે.

# કેશોદ પોલીસે દુષ્કર્મ આચરનાર આરોપીઓને ઝડપી લીધા

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૮

કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં ભોગ બનનાર માતાની દીકરીઓને અર્બન હેલ્થ સેન્ટરમાં નોકરી અપાવવા શ્રધ્ધાબેન રાહુલભાઈ ગોહેલ દ્વારા નરેન્દ્રભાઈ મનસુખભાઈ ઝાલા અને રજનીકાંતભાઈ મોહનભાઈ વાછાણી સાથે સંપર્ક કરાવી રોકડ રકમ આપવાની સાથે દુષ્કર્મનો ભોગ બન્યા પછી દીકરીઓ ઉપર નજર બગાડતા અંતે કેશોદ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)એફ, ૬૧(૨), ૩૫૧(૩) હેઠળ શ્રધ્ધાબેન રાહુલભાઈ ગોહેલ રહે.કેશોદ, નરેન્દ્રભાઈ મનસુખભાઈ ઝાલા રહે. કેશોદ, રજનીકાંતભાઈ મોહનભાઈ વાછાણી રહે.જૂનાગઢ વિરૂદ્ધ ગુનો નોધવામાં આવ્યો હતો. કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર પી.એ. જાદવ પોલીસ કોન્સ્ટેબલ સંજયસિંહ કલ્યાણસિંહ ઝાલા, રોહિતભાઈ મોહનભાઈ ભંભાણા દ્વારા મોબાઈલ લોકેશન અને ખાનગી રાહે વોચ ગોઠવી માહિતી મેળવી ગણતરીના કલાકોમાં એક મહિલા સહિત ત્રણેય આરોપીઓને ઝડપી લીધાં છે. કેશોદમાં ફરિયાદી મહિલાની સહમતિ વગર જબરજસ્તી ડરાવી ધમકાવી દુષ્કર્મ આચરનાર અને સમગ્ર ષડયંત્રમાં એકબીજાની આયોજનબદ્ધ કૃત્ય કરનારને ઝડપી પાડી પુરાવાઓ એકઠાં કરવાની સાથે તબીબી તપાસ હાથ ધરવામાં આવી છે. કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી.સી. ઠકકરના માર્ગદર્શન હેઠળ કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર પી. એ. જાદવ દ્વારા અન્ય કોઈની સામેલગીરી છે કે કેમ ઉપરાંત અન્ય કોઈની મજબૂરીનો લાભ લઈ ભોગ બનેલ છે કે કેમ એવાં તમામ પાસાઓની તપાસ ચલાવવામાં આવે છે. કેશોદ પોલીસ દ્વારા નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# મંગળવારે ધનતેરસનું મહત્વ : પૂજન અને શુભ સમયની યાદી

આસો વદ-બારસને મંગળવાર તા.૨૯-૧૦-૨૪ના દિવસે સવારે ૧૦:૩૨થી તેરસ તિથિનો પ્રારંભ થશે. ધનતેરસ તિથિનું મહત્વ સાંજે પ્રદોષ કાળનું હોતા નિયમ પ્રમાણે દરેક પંચાંગ પ્રમાણે મંગળવારે બારસ ના દિવસે ધનતેરસ છે. ધનતેરસના દિવસે શ્રીયંત્રની પૂજા કરવી. ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીનાની પૂજા કરવી. લક્ષ્મીપૂજન કરવું. વ્યાપારના નવા ચોપડા ખરીદવા, જમીન મકાનની ખરીદી કરવી, નવા વાહનની ખરીદી કરવી, સોના ચાંદીની ખરીદી કરવી ઉત્તમ ફળદાયક ગણવામાં આવે છે. ધનતેરસના દિવસે લક્ષ્મીજીએ પોતાના પતિ વિષ્ણુ ભગવાનને બલિરાજા ના કેદમાંથી છોડાવેલા આથી પણ ધનતેરસ નુ મહત્વ વધારે છે. ધનતેરસના દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી ત્યારબાદ પૂજામાં શ્રીકૃષ્ણ ભગવાનના નામની સાથે રૂકમણીજી, મિત્રવૃંદા, શૈલ્યા, જામ્બવતી, સત્યભામા, લક્ષ્મણા, ભદ્રા, કાલિન્દી આ નામ બોલવાથી શાંતિની પ્રાપ્તિ થશે. એક પૌરાણિક કથા પ્રમાણે યમરાજા એ વરદાન આપેલું કે ધનતેરસના દિવસે જે લોકો યમદિપ દાન દેશે તેને યમયાતના સહવી પડશે નહીં. ધનતેરસના દિવસે સાંજના સમયે યમ દિપદાન કરવું. ધનતેરસના દિવસે મંગળવારે સાંજના સમયે દિવસ આથમ્યા પછી સાંજના દિવસ આથમ્યા પછી ઘરની અથવા ફ્લેટના મુખ્ય દરવાજા કે બારણાં પાસે બહાર ચોખાની ઢગલી કરવી. તેના ઉપર માટીના કોડીયામા રૂની વાટ મૂકી અને તલના તેલનો દિવો કરવો. દક્ષિણ દિશા તરફ મુખ રાખી અને પ્રાર્થના કરવી. મને અને મારા પરિવારને કોઈ દિવસ યમ યાતના ન મળે. આ રીતની પ્રાર્થના કરવી. ધનતેરસના દિવસે આ રીતના યમ દિપદાન કરવાથી અપમૃત્યુ, અકાળમૃત્યુ તથા બિમારીનો ભય રહેતો નથી. ધનતેરસના દિવસે ભગવાન ધન્વંતરીનું પ્રાગટ્ય થયું હતું. દેવ દાનવોની સમૃદ્ર મંથન સમયે સંસારના સર્વરોગ નાબૂદ કરવા ઔષધિનો કળશ લઈ ભગવાન ધન્વંતરી પ્રગટ થયા હતા. આથી આ દિવસે સારા આરોગ્યની કામના માટે ભગવાન ધન્વંતરીનું પણ પૂજન કરવું જોઈએ. આ દિવસે વૈદ્યો અને ડોકટર ભગવાન ધન્વંતરીનું પૂજન કરશે. ભગવાન ધન્વંતરીનું પૂજન કરવાથી તથા યજ્ઞ કરવાથી વાતાવરણ ચોખ્ખું બને છે. ધનતેરસના દિવસે સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ માટે શુભ સમયમાં એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર ચોખાની ઢગલી કરી લક્ષ્મીજીની છબી રાખવી. દિવો, અગરબત્તી કરી ત્યારબાદ શ્રીયંત્ર અથવા લક્ષ્મીજીના સિક્કા પર સાકરવાળા દૂધથી શ્રી સુકત બોલતા બોલતા અથવા તો ૐ મહલક્ષ્મયૈ નમઃ બોલતા બોલતા અભિષેક કરવો. ત્યારબાદ ચોખ્ખું પાણી ચડાવવું. સાફ કરી નાડાછડીનું વસ્ત્ર પહેરાવવું. અબીલ, ગુલાલ કંકુ ચડાવી સાકર પેંડાનું નૈવેદ્ય ધરી આરતી કરવી અને ક્ષમા યાચના માંગવી. આમ ધનતેરસના દિવસે પૂજન કરવાથી ઘરમાં સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થશે. એ ઉપરાંત ધનતેરસના દિવસે સાંજના સમયે જુના દાગીના નું પૂજન પણ કરવું ઘરમાં રહેલ તિજોરીમાં રહેલ ધનનું પૂજન કરવું સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થશે. ધનતેરસના દિવસે ઘરમાં ઉપયોગી ચીજવસ્તુ વાસણોની ખરીદી કરવાની પણ પરંપરા છે. ધનતેરસના દિવસે લોકો ઘર સાફ કરવાની જૂની સાવરણી બદલાવી નવી સાવરણીનો ઉપયોગ કરતા હોય છે આ પરંપરા પણ છે.

**ધન તેરસના શુભ મૂહુર્તની યાદી ચોઘડિયા પ્રમાણે**

આસો વદ-૧૨ મંગળવાર તા.૨૯-૧૦-૨૦૨૪ સવારે ૧૦-૩૨થી ધનતેરસ બેસે છે. દિવસના શુભ ચોઘડીયા ચલ, લાભ, અમૃત ૦૯-૪૧ થી ૦૧-૫૫, બપોરે શુભ ૦૩-૨૦ થી ૦૪-૪૫, રાત્રીના શુભ ચોઘડીયા લાભ ૦૭-૪૫ થી ૦૯-૨૦, શુભ ૧૦-૫૫ થી ૧૨-૩૧, અભિજીત મુહુર્ત બપોરે ૧૨-૦૮ થી ૧૨-૫૩, રાત્રે પ્રદોષકાળની શુભ પૂજાનું મુહૂર્ત ૬:૧૧ થી ૮:૪૩.

# ભગવાન નેમિનાથના મોક્ષ સ્થાન જૂનાગઢની ધાર્મિક નગરી ગિરનાર પર્વત ખાતે વિશાળ વિકલાંગ શિબિર યોજાઈ





જૂનાગઢ તા. ૨૮

અખિલ ભારતીય સંગઠન તરૂણ મિત્ર પરિષદ દ્વારા જૂનાગઢના ઈતિહાસમાં કદાચ પ્રથમવાર વિકલાંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરાડિયાએ જણાવ્યું હતું કે તરૂણ મિત્ર પરિષદ દ્વારા ગિરનાર પર્વતની તળેટીમાં વિકલાંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે અને ભગવાન મહાવીરનો સંદેશ "જીવો અને જીવવા દો" સાથે તમામ વર્ગના જરૂરિયાતમંદ વિકલાંગોને સમાનતા અને સુમેળ સાથે સહાયક ઉપકરણો આપીને પ્રસંશનીય કાર્ય કર્યુ છે. તેઓએ કેમ્પના સહયોગી મૃદુલા જૈનને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવતા તેમણે જણાવ્યું હતું કે વિકલાંગોને સહાયક ઉપકરણો આપીને તેમણે તેમનું જીવન સફળ બનાવ્યું છે. તરૂણ મિત્ર પરિષદના મહામંત્રી અશોક જૈને જણાવ્યું હતું કે ૬ ઓક્ટોબરે મૃદુલા જૈન અને ઓશો જૈન કાગજી, પ્રીત વિહાર, દિલ્હીના સહયોગથી ચાંદ જૈનની સ્મૃતિમાં આયોજિત દિવ્યાંગ શિબિરમાં અને ૨૬ ઓક્ટોબરે મૃદુલા જૈનના જન્મદિવસે સંપન્ન થયેલા દિવ્યાંગજનોને કૃત્રિમ પગ, કૃત્રિમ હાથ આપવામાં આવ્યા હતા. શિબિરની સફળતાપૂર્વક પૂર્ણાહુતિમાં, ભારતવર્ષીય તીર્થ ક્ષેત્ર સમિતિ, ગુજરાત ઝોનના પ્રમુખ ઓશો જૈનકાગજી અને નિર્મલ ધ્યાન કેન્દ્ર ટ્રસ્ટ દ્વારા શ્રવણ સાધનો આપવામાં આવ્યા હતા ટ્રસ્ટી મયુર જૈન અને મેનેજર જીતુભાઈનો સહકાર પ્રશંસનીય હતો.

તરૂણ મિત્ર પરિષદના મહામંત્રી અશોક જૈને જણાવ્યું હતું કે તરૂણ મિત્ર પરિષદ છેલ્લા ૪૯ વર્ષથી સતત જરૂરિયાતમંદ લોકોની સેવા અને મદદ કરી રહી છે. અત્યાર સુધી કાઉન્સિલે શ્રી સમેદશિખરજી, મધુબન અને ગિરિડીહ (ઝારખંડ), પુરૂલિયા (પશ્ચિમ બંગાળ), સોનાગીર સિદ્ધક્ષેત્ર (એમ.પી.), લલિતપુર (યુપી), શ્રી કમ્પિલ જી, શ્રી અહિચ્છત્રજી, શ્રી મહાવીરજી, મુક્તાગીરી, હસ્તિનાપુર, બારાગાંવ વગેરે યાત્રાધામો પર ૫૩ વિકલાંગ શિબિરોનું આયોજન કર્યું છે.

# શ્રી ખોડલધામ મંદિરે સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ માટે એસ્કેલેટર સુવિધાનો પ્રારંભ

## શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા દર્શનાર્થીઓ માટે સુવિધામાં વધારો

(પ્રતિનિધિ દ્વારા)

કાગવડ, રાજકોટ તા.૨૮

શ્રી ખોડલધામ મંદિરે આવતા દર્શનાર્થીઓ માટે મંદિર પરિસરમાં અનેકવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેમાં વધુ એક સુવિધાનો ઉમેરો થયો છે. શ્રી ખોડલધામ મંદિરે દર્શન કરવા આવતા સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ જેઓ પગથિયા ચડી શકવા સક્ષમ ન હોય તેમના માટે એસ્કેલેટરની સુવિધા શરૂ કરવામાં આવી છે. તારીખ ૨૫ ઓક્ટોબરના રોજ ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં એસ્કેલેટર સુવિધાના શ્રીગણેશ કરવામાં આવ્યા છે. આ સુવિધા શરૂ થવાથી મંદિરે આવતા સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ કોઈપણ મુશ્કેલી વિના મંદિરે ઉપર જઈને દર્શન કરી શકશે. મહત્વનું છે કે, શ્રી ખોડલધામ મંદિરે આવતા સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ માટે મંદિર પરિસરના મુખ્ય પ્રવેશદ્વારથી મંદિર સુધી જવા માટે નિઃશુલ્ક ઈ-રિક્ષા અને વ્હીલચેરની સુવિધા આપવામાં આવી રહી છે. જેનો દરરોજ હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ લાભ લઈ રહ્યા છે. ત્યારે હવેથી મંદિરે ઉપર સુધી જવા માટે પણ એસ્કેલેટરની સુવિધા શરૂ થતાં સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓમાં ખુશી જોવા મળી રહી છે અને દર્શનાર્થીઓ આ સુવિધા બદલ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનો આભાર વ્યક્ત કરી રહ્યા છે.





# દ્વારકા ખાતે તાલુકા હેલ્થ કચેરી દ્વારા તમાકું અંગે ચેકીંગ કરાયું



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૮

ગઈકાલે નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ ટોબેકો ફ્રી યુથ કેમ્પેન ૨.૦ ની કામગીરી અંતર્ગત શહેરી વિસ્તાર દ્વારકા ખાતે તાલુકા હેલ્થ કચેરી દ્વારકા નાં સ્ટાફ દ્વારા ટોબેકો સ્કોવડ બનાવી તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ (COTPA- 2003)નું સઘન અમલીકરણ થાય તે હેતુ થી દ્વારકાધીશ મંદિર શહેરી વિસ્તાર નાં જાહેર સ્થળો તેમજ શૈક્ષણિક સંકુલો ની આજુબાજુ તથા સરકારી કચેરીઓની આજુબાજુ મુલાકાત લઈ ઉપરોક્ત કાયદા નું ઉલંઘન કરનાર તમાકુ નાં વેચાણકર્તા દુકાનદારો નું આજરોજ દંડનીય કાર્યવાહી કરી તમાકુ થી થતાં નુકશાનો ની સમજ માટે લોકજાગૃતિ માટે ની વિવિધ કાર્યવાહી કરવામાં આવેલ.

જે અંતર્ગત એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ ચલાવી ૧૩ જેટલા ઈસમો પાસેથી રૂપિયા ૧૭૦૦ જેવી દંડનીય રકમ વસૂલવાની કાર્યવાહી કરવામાં આવેલ . ઉપરોક્ત કામગીરી ને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ કચેરી દ્વારકા તથા પોલીસ સ્ટેશન દ્વારકા નાં સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# આવતીકાલ મંગળવારે ધનતેરસ

**(૧) ધનતેરસ:**

આસો વદી બારસ મંગળવારે તા.૨૯-૧૦-૨૪ ના રોજ ધનતેરસ છે. ધન તેરસના મુહુર્તો સવારે ૧૦ કલાક ૩૨ મિનીટથી બપોરે ૧ કલાક ૫૫ મિનીટ સુધી, બપોરે ૩ કલાક ૨૦ મિનીટથી બપોરે ૪ કલાક ૪૫ મિનીટ સુધી, રાત્રે ૭ કલાક ૪૫ મિનીટથી રાત્રે ૯ કલાક ૨૦ મિનીટ સુધી, રાત્રે ૧૦ કલાક ૫૫ મિનીટથી મોડી રાત્રીના ૩ કલાક ૪૦ મિનીટ સુધી છે.

**(૨) દિવાળી :**

આસો વદી ચૌદશ ગુરૂવારે તા.૩૧-૧૦-૨૪ ના રોજ દિવાળી છે. દિવાળીના મુહુર્તો સાંજે ૪ કલાક ૪૫ મિનીટથી સાંજે ૬ કલાક ૧૦ મિનીટ સુધી ત્યારબાદ સુર્યાસ્ત પછી સાંજે ૬ કલાક ૧૦ મિનીટથી રાત્રે ૯ કલાક ૨૦ મિનીટ સુધી તેમજ રાત્રે ૧૨ કલાક ૩૦ મિનીટથી મોડી રાત્રે ૨ કલાક ૫ મિનીટ સુધી તેમજ પ્રદોષકાળ પ્રમાણે ગુરૂવારે સાંજે ૬ કલાક ૧૦ મિનીટથી રાત્રે ૯ કલાક ૩ મિનીટ સુધી પ્રદોષકાળ શ્રેષ્ઠ છે. તેમજ વૃષભ લગ્ન પ્રમાણે સાંજે ૭ કલાકથી રાત્રે ૮ કલાક ૫૮ મિનીટ સુધી વૃષભ લગ્ન શ્રેષ્ઠ છે.

**(૩) નૂતન વર્ષ:**

કારતક સુદી એકમ શનિવાર તા.૨-૧૧-૨૪ ના રોજ નૂતન વર્ષ મનાવવામાં આવશે. ચોપડામાં મિતી પધરાવવાના મુહુર્તો સવારે ૮ કલાક ૧૫ મિનીટથી સવારે ૯ કલાક ૪૦ મિનીટ સુધી છે.

**(૪) ભાઈબીજ:**

કારતક સુદ બીજ રવિવાર તા. ૩-૧૧-૨૪ ના રોજ ભાઈબીજ મનાવવામાં આવશે.

**(૫) લાભ પાંચમી:**

કારતક સુદ પાંચમ ને બુધવાર તા.૬-૧૧-૨૪ના રોજ મનાવવામાં આવશે.

**-: જયોતિષી :-**

**દિનેશકુમાર અનંતરાય ભટ્ટ, જૂનાગઢ**

## પ્લાસ્ટિક અને રબરના રમકડા સામે દિવાળીના તહેવારોમાં હસ્તકલાના કારીગરોને પરંપરાગત

# હાથેથી બનાવેલા લાકડાના રમકડાનું અસ્તિત્વ અને કલાને પ્રોત્સાહન આપવા સખી મેળો શહેરોમાં આપે છે ઉત્તમ બજાર - સખી મંડળની મહિલા

## હસ્તકલાના કારીગરોને વેચાણ માટે રાજકોટના ક્રિસ્ટલ મોલમાં પૂરૂ પડાયું સબળ પ્લેટફોર્મ : સખી મેળાનું તા.૨૭ સુધી આયોજન





રાજકોટ તા.૨૮

દિવાળીના તહેવારોમાં હસ્તકલાના કારીગરોને વેચાણ માટે સબળ પ્લેટફોર્મ મળી રહે, તે માટે રાજકોટના કાલાવડ રોડ સ્થિત ક્રિસ્ટલ મોલ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સખી મેળાનું તા. ૨૭ સુધી આયોજન થયું છે. આ સખી મેળામાં આઠ જેટલા સ્ટોલ હસ્તકલાના કારીગરોને ફાળવવામાં આવ્યા છે.

**આજના આધુનિક સમયમાં પ્લાસ્ટિક અને રબરના રમકડા સામે લાકડાના હાથેથી બનાવેલા રમકડાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અમારા જેવા કારીગરોને સરકારે ખુબ ઉત્તમ માધ્યમ પૂરૂ પાડયું છે : મીનાબહેન સખનપરા**

આ સખી મેળામાં એક સ્ટોલ મોરબીના સખી મંડળને ફાળવવામાં આવ્યો છે. આ જય બજરંગ મહિલા મંડળ સખી મંડળના સભ્ય મીનાબહેન સખનપરા પ્રજાપતિ કહે છે કે અમે અમારા પરંપરાગત લાકડાના રમકડા બનાવવાનું કામ કરીએ છીએ. આજના આધુનિક સમયમાં પ્લાસ્ટિક અને રબરના રમકડા સામે લાકડાના હાથેથી બનાવેલા રમકડાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અમારા જેવા કારીગરોને સરકારે રાજકોટના પોશ એરિયા કાલાવડ રોડના ક્રિસ્ટલ મોલમાં વિનામૂલ્યે વેચાણ માટે ખુબ ઉત્તમ માધ્યમ પૂરૂ પાડયું છે. જેનાથી અમને સારી એવી આવક મળી રહે છે. આ માટે અમે સબંધિત અધિકારીઓ અને તંત્રના આભારી છીએ. લાકડાની ખાટલી, ચકરડી, ગાડુ, વેલણ, પાટલી, ઘુઘરા સહિતના ૨૫ જાતના લાકડાના રમકડાઓમાં બનાવવામાં આવે છે.

**મુખ્યમંત્રીનો ખૂબ ખૂબ આભાર, કે સખી મંડળના માધ્યમથી મહિલાઓની આવડતને પ્રોત્સાહન મળી રહ્યું છે : રમીલાબેન ચાંચીયા**

રાજકોટ તાલુકાના જીયાણા ગામના ક્રિષ્ના મિશન મંગલમના મંત્રી હંસાબેન ચાંચીયાની દીકરી રમીલાબેન જણાવે છે કે મારી માતા અમે પાંચ ભાંડેરા અને પરિજનોની જવાબદારી સંભાળતા-સંભાળતા હસ્તકલાનું પણ હુન્નર ધરાવે છે. અમે પાંચ વર્ષથી સખી મંડળ સાથે જોડાયેલા છીએ. આ સખી મંડળને મળતા સરકારના આર્થિક સહયોગથી તોરણ, ટોડલીયા, ઝુમ્મર, ઢીંગલી, ઝૂલા, માટીના દીવા, આણાની કટલેરી, મોજડી, ઈંઢોણી, ચૂંદડી જેવી ઉન અને અન્ય મટીરીયલમાંથી બનેલી ૧૫ જેટલી વસ્તુઓ વેચીએ છીએ. અગાઉ મોરબી અને ગીરસોમનાથ ખાતે સખી મેળામાં ભાગ લીધો હતો, જ્યાં સારો એવો વકરો થયો હતો. જે બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર, કે સખી મંડળના માધ્યમથી મહિલાઓમાં રહેલી આવડતને પ્રોત્સાહન મળી રહ્યું છે.

**અમારા સખી મંડળના ૧૧ મહિલાઓ આર્થિક પગભર બનીને પરિવાર માટે ટેકારૂપ બની રહી છે : મહેશ્વરીબેન ઘુમલીયા**

અમરેલીથી આવેલા નીલકંઠ આજીવિકા ગ્રુપના મહેશ્વરીબેન ઘુમલીયા ઉત્સાહભેર કહે છે કે અમારા સખી મંડળના ૧૧ મહિલાઓ આર્થિક પગભર બનીને પરિવાર માટે ટેકારૂપ બની રહી છે. હું આ મંડળ સાથે ત્રણ વર્ષથી સંકળાયેલી છું. આ સખી મંડળ ઓર્ગેનિક દવા, વાઢિયા મલમ, દુઃખાવામાં રાહત આપતું વનસ્પતિ તેલ, દંતમંજન, દૂધીનું તેલ, બામ, શેમ્પુ, સાબુ, જેવી આયુર્વેદિક પદ્ધતિથી બનાવેલી ચીજોનું વેચાણ કરીએ છીએ. મંડળની બહેનો પોતપાતાના ખેતરના ઉત્પાદનોનો આ વસ્તુઓ બનાવવામાં ઉપયોગ કરે છે. અગાઉ દેવભૂમિ દ્વારકા, સુરત, મહેસાણા, મોરબી, ડીસા, ગીરસોમનાથ સહિતના શહેરોમાં વિનામૂલ્યે સરકારે સ્ટોલ ફાળવ્યો છે. જે બદલ અમે ગુજરાત સરકારના ખૂબ ખૂબ આભારી છીએ.

**સરકારની સખી મંડળ યોજના મહિલા સશક્તિકરણનું ઉત્તમ દ્રષ્ટાંત સાબિત થઈ છે : કૌશલ્યાબેન પરમાર**

રાજકોટ જિલ્લાના ગૌરીદળ ગામમાંથી આવેલા કૌશલ્યાબેન પરમારે કૃતજ્ઞતા ભાવે જણાવ્યું હતું કે હું સહિયર મિશન મંગલમના સભ્ય તરીકે ૪ વર્ષથી સંકળાયેલી છું. આ મંડળ મુખવાસ, દીવા, તોરણ, પગલુંછણીયા જેવી અનેક જીવન જરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરે છે. સખી મંડળમાં જોડાઈને એવું લાગ્યું છે કે મહિલાઓ ધારે તો ઘરકામની સાથેસાથે બહાર નીકળી વ્યવસાય કરી પૈસા કમાઈ શકે છે. આથી, એવું કહી શકાય કે સરકારની સખી મંડળ યોજના મહિલા સશક્તિકરણનું ઉત્તમ દ્રષ્ટાંત સાબિત થઈ છે.

ઉલ્લેખનીય છે કે સખી સ્ટ્રીટમાં ઉપરોક્ત ૪ સખી મંડળ ઉપરાંત જૂનાગઢનું યમુનાજી મંગલમ જૂથ, જૂનાગઢનું વ્રજ મંગલમ જૂથ, નવસારીનું સહીયાદરી સખી મંડળ અને છોટાઉદેપુરના જય અંબે સખી મંડળનો સ્ટોલ છે. રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ. કે. વસ્તાણીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ સખી સ્ટ્રીટની મુલાકાત લઈને સ્વસહાય જુથની મહિલાને પ્રોત્સાહિત કરવા આજીવિકા મિશન મંગલમના અધિકારી વી. બી. બસિયા દ્વારા અનુરોધ કરાયો છે.

**આલેખન : પારૂલ આડેસરા, માર્ગી મહેતા**



યાર, હવ તો ઘરમાં પણ રાજકારણ રમવું પડે છે!



દિવાળી સેલમાં લઈ જવાની વાત કરૂં ને તમને નબળાઈ આવી જાય છે!

# બેટના દ્વારકાધીશ મંદિરે દીપોત્સવી નિમિત્તે શુક્રવારે અન્નકુટ મનોરથ : ઉત્સવો નિમિત્તે ઠાકોરજીના દર્શન સમયમાં ફેરફાર



દ્વારકા તા.૨૮ : યાત્રાધામ બેટ દ્વારકામાં આવેલા ભગવાન શ્રીકૃષ્ણનું શયન સ્થાન ગણાતા દ્વારકાધીશ મંદિરમાં આગામી દિપાવલી પર્વના ઉત્સવોની પરંપરાગત રીતે ઊજવણી કરાશે. આગામી શુક્રવાર તા. ૧ (આસો વદ અમાસ) ના રોજ શ્રી દ્વારકાધીશ મંદિર તથા મંદિર પરિસરના અન્ય મુખ્ય મંદિરોમાં અન્નકુટ મહોત્સવની ઊજવણી કરવામાં આવશે. જગતમંદિરમાં ઉત્સવો અનુસાર ઠાકોરજીના દર્શન સમયમાં જરૂરી ફેરફાર નોંધાયા છે જે અનુસાર તા. ૧ ના રોજ ઠાકોરજીની મંગળા આરતી સવારે ૬:૩૦ વાગ્યે, ગોવર્ધન પૂજા સવારે ૮:૩૦ વાગ્યે, અન્નકુટ મનોરથના પ્રથમ ભોગના દર્શન સવારે ૧૧ થી ૧૨ તેમજ બપોરે ૧ થી ૨ સુધી અન્નકુટ મનોરથના બીજા ભોગના દર્શન થશે. ત્યાર બાદ સાંજે ૭ થી રાત્રે ૯ વાગ્યા સુધી અન્નકુટ ઉત્સવ રાજભોગ સાથેના દર્શન થશે. સાંજે ૪ થી ૬ સુધી શ્રી શંખનારાયણજી મંદિરમાં અન્નકૂટ મનોરથ યોજાશે. છેલ્લા અન્નકુટના દર્શન સમય તમામ પેટા મંદિરોમાં અન્નકુટ દર્શન થશે. સર્વે વૈષ્ણવો તથા તીર્થ યાત્રીકોને નવવર્ષના તહેવારોમાં ઠાકોરજીના દર્શન મનોરથનો લાભ લેવા બેટ દેવસ્થાન સમિતિના ઈન્ચાર્જ વ્યવસ્થાપક દિનેશભાઈ બદીયાણીની યાદીમાં જણાવાયું છે.

# ગિરનાર રોપ-વેમાં ચાર વર્ષ બાદ ભાડામાં વધારો

જૂનાગઢ તા.૨૮

ઉષા બ્રેકો લિમિટેડે ગિરનાર રોપવેનું ભાડું ૧૦% વધાર્યું છે. ઓક્ટોબર ૨૦૨૦માં ગિરનાર રોપવેનું ઉદ્ધાટન કરવામાં આવ્યું હતું.

રોપ-વે લાખો યાત્રાળુઓને સલામત અને ભરોસાપાત્ર સવારી પ્રદાન કરે છે. કંપનીએ વર્લ્ડ ક્લાસ રોપ-વે અને ગ્રાહક સુવિધાઓ વિકસાવી છે. રોપ-વે પ્રદેશમાં વિકાસનું પ્રતીક બની ગયું છે.

કંપનીએ ૪ વર્ષ બાદ ભાડું વધાર્યું છે. દ્વિ-માર્ગી મુસાફરી માટે અગાઉનું ભાડું ૬૦૦/- હતું દ્વિ-માર્ગી મુસાફરી માટે વધારીને રૂ ૬૯૯/- કરવામાં આવી છે.

જૂનાગઢના સ્થાનિક રહેવાસીઓ અને ડોલીવાળાઓ માટે ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

રેસિડેન્ટ મેનેજર, કુલબીર સિંહના જણાવ્યા મુજબ, ચાર વર્ષ પછી દરોમાં સુધારો કરવામાં આવ્યો છે અને રોપ-વેમાં વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને આ જરૂરી હતું. આયાતી રોપ-વે હોવાને કારણે સ્પેર, ઓપરેશન અને મેન્ટેનન્સ ખર્ચ વધુ છે.

કંપની હંમેશા અમારા તમામ મુલાકાતીઓને શ્રેષ્ઠતમ વર્ગ સેવાઓ પ્રદાન કરવા ઈચ્છે છે. અમે ગ્રાહકોના અનુભવને વધારવા માટે રોપ-વેમાં પણ વધુ રોકાણ કરીશું.

ગિરનાર રોપ-વે એ કોઈપણ મંદિર માટે વિશ્વનો સૌથી લાંબો રોપ-વે છે અને યુરોપિયન કંપની સાથે બનાવવામાં આવ્યો છે.

ગયા વર્ષે દિવાળી દરમિયાન ગ્રાહકોની સરળતા માટે કંપનીએ રોપ-વેની ક્ષમતા ૮૦૦ પેસેન્જર પ્રતિ કલાકથી વધારીને ૧૦૦૦ પેસેન્જર પ્રતિ કલાક કરી હતી.

છેલ્લા ૨-૩ વર્ષથી, કંપનીને ગિરનાર ખાતેનો રોપ-વે બંધ થવાના સંદર્ભમાં પણ ભારે પવન અને વરસાદ અને વીજળી જેવી આત્યંતિક આબોહવાની પરિસ્થિતિઓને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# ગીર સોમનાથની ૨૩૩ પેઢીઓમાં ચેકીંગ કરી ૨૬૦ જેટલા ખાદ્યચીજોના નમુના લઈ તપાસ અર્થે મોકલાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

ગીર સોમનાથ જીલ્લામાં ફૂડ સેફટી વિભાગે તહેવારોને લઈ ખાસ ડ્રાઈવ અંતર્ગત રેસ્ટોરન્ટ, હોટલો, ફરસાણો, મીઠાઈઓની દુકાનોમાં ખાસ ચેકીંગ હાથ ધરી ૨૩૩ પેઢીઓમાં ચેકીંગ કરી ૨૬૦ જેટલા ખાદ્યચીજોના નમુના લઈ તપાસ અર્થે મોકલાયા છે. જયારે ૪,૯૭૭ કિ.ગ્રા. ખાદ્યતેલનો તથા ૮૩૩ કી.જુદી જુદી ખાદ્યચીજ વસ્તુઓનો જથ્થો સીઝ કરેલ તેમજ ૧૩૫ કીલોનો જથ્થો જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. દિવાળીના તહેવારોને અનુલક્ષીને ગીર સોમનાથ ફુડ વિભાગના અધિકારીઓ પિયુષ સાવલીયા, કલ્યાણીબેન ચોચા, સી.કે. નિમાવતના જુદી જુદી ટીમો બનાવી જીલ્લાના છએય તાલુકાઓમાં જુદા જુદા સ્થળો અને દુકાનોમાં તપાસ હાથ ધરવા ખાસ ડ્રાઈવ યોજી હતી. જેમાં મીઠાઈ-ફરસાણની દુકાનો, દુધની ડેરીઓ, મેન્યુફેકચરીંગ યુનીટ, હોટલ તથા રેસ્ટોરન્ટ અને રીટેઈલર-હોલસેલ સ્ટોલમાંથી બહોળા પ્રમાણમાં જુદા-જુદા વિસ્તારોમાંથી દૂધ અને દૂધની બનાવટ, માવો, ઘી, ખાદ્યતેલ, મરી-મસાલા, બેકરી પ્રોડકટ, પનીર, ડ્રાયફ્રૂટ ફરસાણ અને મીઠાઈની તપાસ થઈ હતી. આ ખાસ ડ્રાઈવ અંતર્ગત થયેલ તપાસમાં જોવા મળેલા પડતર, વાસી તથા બગડેલા અને અખાદ્ય પદાર્થો અંદાજે ૧૩૫ કિ.ગ્રા. જથ્થાનો નાશ કરવામાં આવેલ તેમજ અંદાજે ૪,૯૭૭ કિ.ગ્રા. ખાદ્યતેલનો તથા ૮૩૩ કી. જુદી જુદી ખાદ્યચીજ વસ્તુઓનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. જીલ્લાના જુદા જુદા તાલુકાઓ અને વિસ્તારોની કુલ ૨૩૩ પેઢીઓમાંથી જરૂરી ખાદ્યચીજોના ૨૬૦ જેટલા નમૂના લેવામાં આવેલ હતા. જે તમામ નમૂનાઓ તપાસ અર્થે ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.



# દિવાસા ગામે પીજીવીસીએલ વીજ ચેકીંગનું કવરેજ માટે ગયેલ પ્રેસ રીપોર્ટરને થપ્પડ મારી ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

શીલ તાબેના દિવાસા ગામે પીજીવીસીએલ વીજ ચેકીંગનું કવરેજ કરવા ગયેલ પ્રેસ રીપોર્ટરને થપ્પડ મારી જાનથી મારી નાંખવાની ધમકી આપયાની એક શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર શીલ પોલીસ મથકે સંજયભાઈ વ્રજલાલભાઈ વ્યાસે ઈશાન ઉર્ફે મોટીયો ભીખુભાઈ જોષી રહે.હાલ રાજકોટવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પ્રેસ રીપોર્ટર હોય અને તેઓ દિવાસા ગામે પીજીવીસીએલના વીજ ચેકીંગનુ કવરેજ કરવા ગયેલ હોય અને કવરેજ કરીને દિવાસા પાટીયે પાણી પીવા માટે ઉભા હોય ત્યારે આરોપી પોતાની મહિન્દ્રા થાર ગાડીમાં આવેલ અને ફરીયાદી તથા સાહેદને કહેવા લાગેલ કે પીજીવીસીએલના વીજ ચેકીંગનો વિડીયો ઉતારવા કોણ ગયેલ હતુ અને ટીવીમા કંઈ ચલાવતા નહી તેમ કહી ફરીયાદી તથા સાહેદને જેમ ફાવે તેમ ગાળો બોલી ફરીયાદીને ત્રણ ચાર થપ્પડના તમાચા મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલી નજીક અજાણ્યા વાહન ચાલકે બાઈક ચાલકને હડફેટે લેતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

વંથલી જૂનાગઢ રોડ પર અજાણ્યા વાહન ચાલકે બાઈક ચાલકને હડફેટે લઈ ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરીયાદ વંથલી પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે હાજાભાઈ ગોવીંદભાઈ પરમારે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના દિકરા મયુરભાઈના મોટર સાયકલ સાથે ભટકાવી મયુરભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદમાં વ્યાજખોરોના ત્રાસથી આધેડે ફીનાઈલ પી લેતા ૬ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

કેશોદના આલાપ કોલોની વિસ્તારમાં રહેતા આધેડે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ફીનાઈલ પી લેતા ૬ વ્યાજખોરો વિરૂધ્ધ કેશોદ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે રાકેશભાઈ જમનભાઈ વણપરીયાએ સમીરભાઈ પોપટ, કિનલભાઈ કુંભાણી, કમલેશભાઈ કચોટ, એ.બી.સોલંકી, રાકેશ ગજેરા, રવી મોહન વણપરીયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ છેલ્લા એક વર્ષ દરમ્યાન આરોપીઓ પાસેથી અલગ અલગ સમયે કુલ રૂા.૧૬,૬૫,૦૦૦ અલગ અલગ વ્યાજ દરે વ્યાજે લઈ ડીપોઝીટ પેટે કુલ ચેક ૧૪ લઈ દર મહીને કુલ વ્યાજ રૂપીયા ૯૧,૫૦૦નુ પઠાણી વ્યાજ ચુકવતો હોય તેમ છતા આરોપી રવી વણપરીયાએ ફરીયાદી પાસેથી બળજબરી પુર્વક પાઘડીની દુકાનનું લખાણ કરાવી લઈ પઠાણી વ્યાજની ઉઘરાણી કરી ઢીકા પાટુનો માર મારી આ છએય આરોપીઓના ત્રાસથી લાગી આવતા ફરીયાદીએ પોતે પોતાની મેળે ફીનાઈલ પી લીધા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લામાં ૩ના અકાળે મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ તાલુકાના બલીયાવડ, બીલખાના સોમરાળા અનો વંથલીના ટીનમસ ગામે ૩ના અકાળે મોત થયાનુ પોલીસ ચોપડે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે રાહુલસિંહ લક્ષ્મણસિંહ પરમારે જાહેર કરેલ કે મૃતક સંજયસીંહ લક્ષ્મણસિંહ પરમાર(ઉ.વ.૩૫)વાળાઓ દેવલધામ બલીયાવાડ ખાતે મજુર કામ કરતા હોય દરમ્યાન સીડી ઉતરતી વખતે પગથીયું ભુલી જતા સીડી ઉપરથી નીચે પડી જતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતા જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાતા ફરજ પરના ડોકટર મૃતક જાહેર કર્યાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે બીલખાના સેમરાળા ગામે રહેતા મહેશભાઈ ધીરૂભાઈ બોઘડાએ બીલખા પોલીસ મથકે જાહેર કરેલ કે પોતાનો મૃતક પુત્ર જીયાન (ઉ.વ.૯)વાડી ઓરડીમાં આવેલ ઈલેકટ્રીક મોટરના સ્ટાર્ટરને અડી જતા વીજશોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી. તેમજ વંથલી પોલીસ મથકે હાર્દિકભાઈ લખમણભાઈ બોરીચાએ જાહેર કરે કે પોતાના મૃતક પિતા લખમણભાઈ (ઉ.વ.૫૦)પોતાનું થ્રેસર લઈ ટીનમસ ગામની સીમમાં સાંયાબીન કાઢવા ગયેલ દરમ્યાન થ્રેસરમાં સોયાબીનના ડાખરા સાફ કરતા હતા ત્યારે અકસ્માતે હાથ ચકરડીમાં હાથ તથા માથુ ફસાઈ જતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસો ધોરણસરની કાર્યવાહી કરી છે.


केंद्रीय विद्यालय, फुदम, दीव (यु.टी.)
KENDRIYA VIDYALAYA, FUDAM, DIU (U.T.)
शिक्षा मंत्रालय,भारत सरकार
Ministry of Education, Govt. of India
दूरभाष / Phone : (02875)253348
फुदम / Fudam, दीव / Diu, पिन / PIN : 362520 वेबसाइट / Website :diu.kvs.ac.in ईमेल : kv_diu@yahoo.co.in

के.वी. स्कूल कोड / KV School Code : 1017 सी.बी.एस.ई. संबद्धता सं/C.B.S.E. Affiliation No. : 3100001

साक्षात्कार/Walk-in-Interview
अस्थायी / अंशकालीन अनुबंधित हेतु : वर्ष 2024-25

| दिनांक तथा समय | पद |
|---|---|
| दिनांक : 07-11-2024 –गुरुवार<br>समय:-(दस्तावेज़ सत्यापन - प्रातः 09:00 बजे से 10:00 बजे तक)<br>(साक्षात्कार- प्रातः 11:00 बजे से शुरू होगा)<br>स्थल – केन्द्रीय विद्यालय फुदम,दीव | पदनाम: प्रशिक्षित शिक्षक(TGT)-सामाजिक विज्ञान (SST)<br>पदनाम:अन्य- संगणक प्रसिक्षक (Computer Instructor) |

नोट :
1. शैक्षिक योग्यता एवं अन्य जानकारी के लिए हमारी वेबसाईट https://diu.kvs.ac.in/ OR kvs.nic या विद्यालय का नोटिस बोर्ड देखें।
2. अंशकालिक शिक्षकों के लिए साक्षात्कार के.वि.एस. नियम और शर्तों के अनुसार है। इच्छुक उम्मीदवार सत्यापन के लिए मूल के साथ सभी प्रमाणपत्रों की फोटोकापी प्रतियों का एक सेट और दो पासपोर्ट साइज फोटो लाए।
3. पंजीकरण समय: प्रातः 09:00 बजे से 10:00 बजे तक होगा।
4. अभ्यर्थी हिन्दी तथा अंग्रेजी माध्यमों में पढ़ाने में सक्षम होना चाहिए तथा संगणक प्रयोग में सक्षम होना चाहिए।
5. सभी पद पूर्णतः अंशकालिक अनुबंध आधार पर हैं तथा भविष्य में नियुक्ति नियमित नहीं होगी।
6. अंशकालिक रूप में चयनित अभ्यर्थी की नियुक्ति प्रशासनिक कारणों से बिना किसी पूर्व सूचना के कभी भी समाप्त की जा सकती है।
7. चयनित को पुलिस वेरिफिकेशन कर विद्यालय में जमा करना आवश्यक होगा।
8. सीटीईटी वांछनीय है।
9. साक्षात्कार हेतु किसी भी प्रकार का T.A./D.A. देय नहीं है।

प्राचार्य






MAKE IN INDIA
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આદરણીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'મેઇક ઇન ઇન્ડિયા'
સંકલ્પને મળી નવી ઉડાન
વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઇ મોદી
અને
સ્પેનના વડાપ્રધાન
શ્રી પેડ્રો સાંચેઝના
વરદ્હસ્તે
વડોદરામાં 'મેઇડ ઇન ઇન્ડિયા એરબસ C295 એરક્રાફ્ટ'
નિર્માણના ફાઇનલ એસેમ્બલી લાઇન પ્લાન્ટનું ઉદ્ઘાટન
એરબસ એરક્રાફ્ટ નિર્માણ ગુજરાતને આપશે નવી ઊંચાઇ
વડોદરાને મળશે વૈશ્વિક ઓળખ
પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું થશે સર્જન
કૌશલ્ય વિકાસના નવા માર્ગો ખૂલશે
ગુજરાતમાં સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્ર બનશે વધુ મજબૂત
આર્થિક વૈવિધ્યકરણ અને રોકાણમાં થશે વધારો
ગરિમામયી ઉપસ્થિતિ
આચાર્ય દેવવ્રત
માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત
વિશેષ ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
અતિથિ વિશેષ
શ્રી રાજનાથ સિંહ
માનનીય કેન્દ્રીય મંત્રી,
સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર
ડૉ. સુબ્રમણ્યમ જયશંકર
માનનીય કેન્દ્રીય મંત્રી,
વિદેશ મંત્રાલય, ભારત સરકાર
શ્રી સી. આર. પાટીલ
માનનીય કેન્દ્રીય મંત્રી,
જલશક્તિ મંત્રાલય, ભારત સરકાર
28 ઑક્ટોબર, 2024
ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ, હરણી, વડોદરા